# ચિઠોડા બેંક ઓફ બરોડા શાખાના મેનેજર અને કેશિયર ગ્રાહકો સાથે ઓરમાયું વર્તન

**ગ્રાહકો હેરાન પરેશાન : ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવાનો વારો**

ભિલોડા,તા.૦૭

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના હાર્દસમા ચિઠોડા ગામમાં બેંક ઓફ બરોડાની શાખા વર્ષોથી કાર્યરત છે.પરપ્રાંતીય સ્ટાફ બેંકના ગ્રાહકો સાથે ઓરમાયું વર્તન દાખવતા ભારે રોષ જોવા મળે છે.ગ્રામીણ વિસ્તારના ગ્રાહકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

ચિઠોડા ગામના વેપારી દિપકભાઈ આર.પટેલ સહિત જાગૃત ગ્રામજનોએ જણાવ્યું કે, બેંક ઓફ બરોડાનો સ્ટાફ સમયસર બેંકમાં આવતો નથી, સમયસર બેંક એકાઉન્ટ ઓપનીંગ થતા નથી, ગ્રાહકોને ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો છે.ગ્રાહકો સાથે સ્ટાફ ઓરમાયું વર્તન દાખવે છે.જરૂરિયાત વાળા વેપારીઓ અને ગ્રાહકોને સમયસર લોન મળતી નથી, જેમને લોનની જરૂર નથી તેવા ગ્રાહકોને સરળતાથી લોન અપાઈ છે.મેનેજરને મલાઈદાર કવર બંધ બારણે આપો એટલે સરળતાથી લોન મંજુર થાય છે.ગ્રામીણ વિસ્તારમાં આવેલ બેંક ઓફ બરોડા, ચિઠોડા શાખાના સ્ટાફની બેદરકારીના કારણે ગ્રાહકો અન્ય પ્રાઈવેટ બેંકો તરફ આકર્ષાઈ રહ્યા છે. ચિઠોડા ગામના જાગૃત ગ્રામજનો સહિત વેપારીઓએ હિંમતનગર રીજીયોનલ ઓફીસ,બેંક ઓફ બરોડાના રીજીયોનલ મેનેજરને લેખિત પત્ર મારફતે ધારદાર રજુઆત કરાઈ છે પરંતુ આજ દિન સુધીમાં કોઈ યોગ્ય પગલા ભર્યા નથી ત્યારે અત્રે ઉલ્લેખનિય છે કે, સત્વરે ઉચ્ચકક્ષાએ થી બેંકના જવાબદાર અધિકારીઓ ધ્વારા ન્યાયિક કાર્યવાહી હાથ નહી ધરાઈ તો જાગૃત ગ્રાહકો, ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવા ભણકારા વાગી રહ્યા છે.

**ચૂંટણી પંચ દ્વારા નિયુક્તિ કરાયેલા ચાર નિરીક્ષકો દ્વારા**

# સરકારી પોલીટેકનિક હિંમતનગર ખાતે કાઉન્ટીંગ સેન્ટરનું માઈક્રો ઓબ્ઝર્વર કર્યુ

**જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીશ્રી હિતેષ કોયા દ્વારા નિરીક્ષકોને કાઉન્ટીંગ સેન્ટરની તમામ ઉપલબ્ધ સુવિધાઓથી વાકેફ કરાયા : વાહન પાર્કિંગ, સુરક્ષા, પ્રવેશ, મોબાઈલ ઉપકરણો પર નિષધ, સ્ટ્રોંગરૂમ સહિત ઉભી કરાયેલી વ્યવસ્થાનું નિરીક્ષણ કરી સુચારુ સંચાલન માટે આર.ઓ તથા એસ.પી સાથે ચર્ચા કરી જરૂરી સુચના આપી**

બાયડ તા.૭

વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભાની મતગણતરી આજે તારીખ ૮/૧૨/૨૦૨૨ ના રોજ સવારે ૮:૦૦ કલાકે સરકારી પોલીટેકનિક ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે.તેને તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવ્યો છે.

મતગણતરી પૂર્વે સ્ટ્રોંગરૂમ, મતગણતરીમાં સંકળાયેલા સ્ટાફ અને કાઉન્ટિંગ સેન્ટર, વાહન પાર્કિંગ, કાઉન્ટિંગ સેન્ટરમાં પાસ સિવાયના વ્યક્તિઓ પર પ્રવેશ નિષેધ વાહનોના અવર જવર પર જાહેરનામા દ્વારા કાઉન્ટીંગ સેન્ટરથી પસાર થતા રસ્તાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઉમેદવાર અને એજન્ટોને પ્રવેશપાસ વાહન પાસ અપાયેલા હોય તેજ કાઉન્ટિંગ સેન્ટરમાં પ્રવેશ કરી શકશે. ચૂંટણી ફરજ સાથે સંકળાયેલા વ્યક્તિઓ પણ બિલ્ડીંગમાં બેરીકેટ લગાવ્યા છે તેમાંથી જે સાઈન બોર્ડ અને કલરકોડ પ્રમાણે પ્રવેશ કરવાનો રહેશે અને જે બોર્ડર લાઈન દોરવામાં આવી છે તેની મર્યાદા સુધી જઈ શકશે. કામગીરી જોઈ શકશે.

ચૂંટણી ફરજ પરના ઓલ એક્સેસ પાસ સિવાય કોઈ પણ અંદર પ્રવેશ કરી શકશે નહીં. ઓબ્ઝર્વર અને આર.ઓ તથા કાઉન્ટિંગ સાથે સંકળાયેલા વ્યક્તિઓ જ કાઉન્ટિંગ હોલમાં ટેબલ વાઈઝ ઉભી કરેલી વ્યવસ્થા પ્રમાણે કામગીરી કરશે. શાંતિપૂર્ણ રીતે ડિસ્ટર્બન્સ વિના મતગણતરી સુચારુ રીતે સંચાલન થાય તે જોવાનું રહેશે અને વખતો વખતની સુચના અને ચૂંટણી પંચની ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. બિનજરૂરી તકરાર ન થાય તે માટે ત્રિ-સ્તરીય સુરક્ષા કર્મીઓને સહકાર આપવા અપિલ કરવામાં આવી છે.

સરકારી પોલીટેકનિક ખાતે જનરલ ઓબ્ઝર્વર શ્રી દેબાશીલ દાસ (આઈ.એ.એસ) હિંમતનગર- પ્રાંતિજ ઈડરના નિરીક્ષકશ્રી હિમાંશુ કુમાર રાય

(આઈ.એ.એસ) તેમજ હરિયાણા કેડરના આસીમા સાગવાન પ્રાંતિજ વિધાનસભા અને રાજસ્થાન કેડરનાશ્રી પ્રેમસિંઘ ચારણ ,ખેડબ્રહ્માના નિરીક્ષકશ્રીઓએ સમગ્રતયા મતગણતરી સેન્ટરના કાઉન્ટિંગ હોલ, સ્ટ્રોંગરૂમ તથા મતગણતરી માટે ઉભા કરાયેલા કાઉન્ટિંગ ટેબલ તથા વી.વી.પેટ કાઉન્ટિંગ કેબિન રૂમોમાં સી.સી.ટી.વી કેમેરા સહિત આવન જાવન માર્ગ અને ઈ.વી.એમ મશીન લાવવા માટેની ટનલ બેરીકેટેડ રૂટનું નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયા દ્વારા કામગીરીનું સંચાલન અને કાઉન્ટિંગ સ્ટાફ તેમજ ઉમેદવાર અને એજન્ટોની બેઠક વ્યવસ્થા અને માઈક દ્વારા એનાઉન્સ સુરક્ષા વ્યવસ્થા સહિતની માહિતી જિલ્લા પોલીસ વડાશ્રી વિશાલ વાઘેલા દ્વારા નિરીક્ષકોને આપી હતી અને ઉભી કરાયેલી વ્યવસ્થા અંગે નિરીક્ષકોને માહિતગાર કર્યા હતા. આ મુલાકાત વેળાએ ચાર વિધાનસભાના આર.ઓ નાયબ ચૂંટણી અધિકારી અને ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બિલ્ડીંગની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં નક્કી કરેલા લિમિટેડ વાહનો પાર્કિંગ કરવાનું રહેશે તથા મેઈન ગેટ છે ત્યાંથી ચાલીને આવવાનું રહેશે. જે વાહનોને પાસ હશે તે જ અંદર જઈ શકશે. નક્કી કરેલી પાર્કિંગ વ્યવસ્થામાં પાર્ક કરવા પોલિટેકનિકની બાજુમાં આવેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના કમ્પાઉન્ડમાં હેલીપેડ ખાતે વાહનો પાર્ક કરવાના રહેશે તથા અંદર આવતા લોકોએ પોતાના મોબાઈલ બહાર રાખવાનો રહેશે. મોબાઈલ લાવવા પર પ્રતિબંધ છે. પોતાની ગાડીમાં રાખીને આવવાનું રહેશે.

પોલીટેકનિક ચાર રસ્તાથી સિવિલ હોસ્પિટલના મુખ્ય દરવાજા સુધીના રસ્તા ઉપર વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ છે. તે માટે વૈકલ્પિક રસ્તાઓ પરથી લોકો વાહનોમાં જઈ શકાશે. ગઢોડા ગામથી મોતીપુરા પોલિટેકનિક તરફ આવતા વાહનો સિવિલ હોસ્પિટલ સામે આવેલા સંકુલ કેન્સર હોસ્પિટલના આગળના રસ્તે થઈ જી.આઈ.ડી.સીથી મોતીપુરા તરફ પોલિટેકનિકથી ગઢોડા તરફ જતા વાહનો મોતીપુરા નેશનલ હાઈવે રોડ થઈ સાબર ડેરી ત્રણ રસ્તા તરફ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સામે આવેલા દુકાનોના વેપારીઓ તેમજ શરણમ સોસાયટી,આદર્શ બંગ્લોઝ સોસાયટીના રહીશોના વાહન મોતીપુરા થી સિવિલ રોડ આવતા ટી.પી રોડ થઈ મોતીપુરા હિંમતનગર શહેર તરફ વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ છે.તેમ જિલ્લા કલેક્ટરના જાહેરનામામાં જણાવાયું છે.

આ જાહેરનામા મુજબ અપવાદ સરકારી વાહનો/સરકારી કામે રોકાયેલા વાહનો સિવિલ હોસ્પિટલના દર્દીઓ ઈમરજન્સી સેવાઓ ચૂંટણી સાથે જોડાયેલા તમામ સરકારી અધિકારી કર્મચારીઓના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭ વિધાનસભા બેઠકની આજે મત ગણતરી

**મત ગણતરીમાં ૬૦૦ કર્મચારીઓનો કાફલો, સાબરકાંઠામાં-૧૨, અરવલ્લીમાં ૧૪ ટેબલ ઉપર મતા ગણતારી**

બાયડ, તા.૦૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ભિલોડા, મોડાસા અને બાયડ વિધાનસભા બેઠક માટે ગુરૂવાર સવારે ૮-૦૦ કલાકે સરકારી પોલીટેકનિક કોલેજ-હિંમતનગર તેમજ સરકારી ઈજનેરી કોલેજ-મોડાસાના હોલમાં મત ગણતરી હાથ ધરાશે. મત ગણતરી માટે સાબરકાંઠાની ૪ બેઠક માટે ૧૨-૧૨ અને અરવલ્લીની ૩ વિધાનસભા બેઠક માટે ૧૪ ટેબલ ગોઠવવામાં આવ્યા છે. જેમાં દરેક ટેબલ ઉપર મત ગણતરીમાં ૪ અધિકારી સહિત મત ગણતરીમાં ૬૦૦ કર્મચારીઓનો કાફલો ફરજ ઉપર મૂકવામાં આવ્યો છે. ભા.જ.પ., કોંગ્રેસ, આમઆદમી પાર્ટી, અન્ય પક્ષો અને અપક્ષોના હજારો કાર્યકરો મત ગણતરી સ્થળે ઉપસ્થિત રહેશે જેના કારણે પોલીસ દ્વારા સજ્જડ સુરક્ષા પ્રબંધ ઉભો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ગત તા.૫ ડિસેમ્બરે જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો માટે મતદાન યોજવામાં આવ્યું હતું. જિલ્લાના ૨૩૬૪ મતદાન મથકો ઉપર શાંતિપૂર્વક મતદાન પૂર્ણ થયા પછી ઈ.વી.એમ. મશીનના રૂપમાં રહેલી મત પેટીઓ સઘન સુરક્ષા સાથે જિલ્લા મથકે સ્ટ્રોંગ રૂમમાં મૂકવામાં આવી છે. સવારે પોસ્ટલ બેલેટ મતની ગણતરી હાથ ધરાશે અને ત્યારબાદ ઈ.વી.એમ. મશીનમાં પડેલા મતની ગણતરી હાથ ધરવામાં આવશે. હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ભિલોડા, મોડાસા અને બાયડ એમ ૭ વિધાનસભા બેઠકમાં મત ગણતરી માટે ટેબલ ગોઠવવામાં આવ્યા છે. દરેક ટેબલ ઉપર ૪ કર્મચારીઓ બેસાડવામાં આવશે અને ઓબ્ઝર્વરની સીધી દેખરેખ હેઠળ મત ગણતરી હાથ ધરવામાં આવશે.

**ઈડર બેઠકમાં સૌથી વધુ ૩૦ રાઉન્ડમાં મત ગણતરી..**

બાયડ : સાબરકાંઠા, અરવલ્લીની ૪ બેઠકો ઉપર સરેરાશ ૭૧.૪૫ ટકા અને અરવલ્લીની ૩ વિધાનસભા બેઠકો ઉપર સરેરાશ ૬૭.૩૪ ટકા મતદાન થયું છે. આજે હિંમતનગર અને મોડાસાના મત ગણતરી સ્થળે મત ગણતરી યોજાશે જેમાં ઈડર બેઠકમાં સૌથી વધુ ૩૦ રાઉન્ડમાં મત ગણતરી પૂરી થશે.

| બેઠક | કેટલા રાઉન્ડ |
|---|---|
| હિંમતનગર | ૨૯ |
| ઈડર | ૩૦ |
| ખેડબ્રહ્મા | ૨૮ |
| પ્રાંતિજ | ૨૯ |
| ભિલોડા | ૨૯ |
| મોડાસા | ૨૮ |
| બાયડ | ૨૭ |

# બનાસકાંઠા જિલ્લાની ૯ વિધાનસભા સીટોના ૭૫ ઉમેદવારનું ભાવિ ખુલશે

**મત ગણતરી સ્થળે લોખંડી સુરક્ષા બંદોબસ્ત : ૫૦૦ થી વધુનો કાઉન્ટીંગ સ્ટાફ જોડાશે**

ડીસા, તા. ૭

બનાસકાંઠા જિલ્લામાં કુલ ૭૨.૪૯ ટકા મતદાન થયું છે.હવે આવતીકાલે ગુરુવારે જિલ્લાની નવ વિધાનસભા સીટોની મત ગણતરી જગાણા એન્જિનિયરિંગ કોલેજ ખાતે હાથ ધરાવાની છે. જેથી વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ઈફસ ડેડીકેટેડ સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે તેની સઘન સુરક્ષા રાખવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ એક વિધાનસભા સીટ પર પહેલા રાઉન્ડમાં ૧૪ ઈફસ ની ગણતરી કરવામાં આવશે જે થકી આવતા તમામ વિધાનસભા બેઠકો ઉપર મત ગણતરી હાથ ધરાશે.

ગુરુવારે બનાસકાંઠાની ૯ વિધાનસભાની સીટોની મત ગણતરી જગાણા એન્જીનીયરિંગ કોલેજ ખાતે હાથ ધરાવવાની છે. જેને લઈને તમામ ઈફસ ડેડીકેટેડ સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે તેની સઘન સુરક્ષા ઝછઁફ્ના જવાનો કરી રહ્યા છે તો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો છે. બીજી બાજુ ઝઝફ દ્વારા પણ તેના ઉપર નજર રખાઈ રહી છે. ૯ વિધાનસભાની તમામ બેઠકો ઉપર ૧૪ ટેબલો ઉપર મતગણતરી હાથ ધરાશે. જેમાં વાવમાં ૨૪ રાઉન્ડ, થરાદમાં ૧૯ રાઉન્ડ, ધાનેરા ૨૦ રાઉન્ડ, દાંતા ૨૨ રાઉન્ડ, વડગામ ૨૨ રાઉન્ડ, પાલનપુર ૨૦ રાઉન્ડ, ડીસામાં ૨૧ રાઉન્ડ, દિયોદર ૧૯ રાઉન્ડ અને કાંકરેજમાં ૨૨ રાઉન્ડમાં મત ગણતરી હાથ ધરાશે. જેમાં ૫૦૦ થી વધુનો કાઉન્ટીગ સ્ટાફ જોડાશે. ૯ વિધાનસભાના ૭૫ ઉમેદવારોના ભાવિ ઈફસ મશીનમાં સીલ છે. આવતીકાલે બપોર સુધી તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થઈ જશે અને તમામ વિધાનસભાના લોકોને પોતાના નવીન ધારાસભ્ય મળી જશે.

**સંગઠન પ્રમુખ પદ છીનવાઈ તો નહીં જાય ને..?? કાર્યકરોમાં ચર્ચા**

# અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલની દારૂ પ્રકરણમાં પોલીસે પૂછપરછ કરવાનો નિર્ણય કરતાં મુશ્કેલી વધી

મોડાસા,તા. ૦૭

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલની વિદેશી દારૂ પ્રકરણમાં સંડોવણી હોવાના અહેવાલો બહાર આવ્યા પછી જિલ્લા

પોલીસ દ્વારા ટૂંક સમયમાં પૂછપરછ થઈ શકે છે અને પોલીસ અધિકારીઓએ આ બાબતને પુષ્ટી આપતાં સંગઠન પ્રમુખ પદ છીનવાઈ તો નહીં જાય ને તેવી ભાજપના કાર્યકરોમાં ચર્ચા છે. છેલ્લા કેટલાય સમયથી સંગઠન પ્રમુખ તેમની મન માની અને કાર્યકરો સાથે ખરાબ વર્તાવ માટે પંકાયા છે અને પ્રદેશ, કેન્દ્રની નેતાગીરી સુધી લેખિત-મૌખિક ફરિયાદો પહોંચી છે.

જિલ્લાની ભિલોડા, મોડાસા અને બાયડ વિધાનસભાની ચૂંટણીની માટે તા.૫ ડિસેમ્બરે મતદાન યોજાવવાનું હતું તેના અગાઉના દિવસે કેટલાક યુવાનોએ બાતમી આધારે કાળા કલરની લક્ઝુરીયર્સ કારને માલપુર-ધનસુરા હાઈવે ઉપર અણિયાર ગામ નજીક રોકી હતી અને તેમાંથી વિદેશી દારૂ ભરેલી ક્વાટરીયાં બોટલ મળી આવ્યાં હતાં અને તે સમયે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ એકાએક ત્યાં આવી જતાં એકાદ યુવાન સાથે ઉગ્ર બોલાચાલી અને ભાજપ પ્રમુખને જે રીતે ઉધળો લીધો તેથી ચાલતી પકડી હતી. આ સમગ્ર બાબત સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખને દારૂની હેરાફેરીમાં સંડોવણી સહિત પાયલોટીંગના ગંભીર આરોપ અપક્ષ ચૂંટણી લડતા ઉમેદવાર અને તેમના ટેકેદારોએ લગાવ્યા હતા. જે રીતે સંગઠન પ્રમુખે દારૂ પકડાયા પછી હરકત કરી તે વિડીયોમાં કંડારાયા પછી અનેક પ્રકારની શંકા ઉભી થઈ અને પોલીસની કામગીરી સામે આંગળીઓ ચિંધાઈ હતી. પોલીસે પ્રારંભે વાહનો હંકારનાર ચાલક સામે ગુનો નોંધ્યો પરંતુ ત્યાર પછી પોલીસ ઉપર ભીંસ વધતાં રાજેન્દ્ર જે. પટેલની હાજરી અંગેની ખરાઈ કરવા માટે પૂછપરછનો નિર્ણય લેવાયો છે. જેથી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખની મુશ્કેલીઓ આગામી દિવસોમાં વધી શકે છે. કેટલાક ભાજપના કાર્યકરોએ રાજેન્દ્ર પટેલે અનેક સાચા કાર્યકરોની હાય લેવામાં કશું બાકી રાખ્યું નથી એટલે હવે ચોંકાવનારી વિગતો પણ આવનારા દિવસોમાં પ્રકાશમાં આવશે તેવો બડાપો વ્યક્ત કરતા જોવા મળ્યા છે.

**જિલ્લા સંગઠન પ્રમુખની પૂછપરછ થશે**

**અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પી.આઈ.એ જણાવ્યું હતું કે વિદેશી દારૂ પ્રકરણમાં ભાજપ સંગઠન પ્રમુખ સામે થયેલા આક્ષેપો બાદ સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલા વિડીયોની તપાસ કરી જિલ્લા સંગઠન પ્રમુખની પૂછપરછ કરવા માટે અમે તૈયારી કરી રહ્યાનું જણાવ્યું હતું.**

# મોડાસામાં ડૉ.બાબા સાહેબ આંબેડકરના ૬૭ માં મહાપરિનિર્વાણ દિવસની ઉજવણી

મોડાસા, તા. ૭

૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ બાબા સાહેબનું અવસાન થયું હતું, જે દર વર્ષે મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે મોડાસા શહેરના સર્વોદય નગર વિસ્તારમાં આવેલી ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને અનુસૂચિત જાતિ સમાજના યુવાનોએ ફુલહાર પહેરાવી પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.૬ ડિસેમ્બર,૧૯૫૬ ભારતના દલિત લોકો માટે, આ સવાર સૂર્યોદય સાથે નહીં, પરંતુ સૂર્યાસ્ત સાથે શરૂ થઈ હતી તેમ કહી શકાય તેનુ કારણ હતુ...



શોષિત અને વંચિતોના આધાર ડૉ. બાબાસાહેબ આંબેડકરનું એ દિવસે નિધન થયું હતું. તેઓએ ભારતીય બંધારણસભામાં નિભાવેલી જવાબદારીને કારણે તેમને 'બંધારણના ઘડવૈયા' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારતના પ્રથમ કાયદામંત્રી હતા. તેમને મરણોપરાંત ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી ૧૯૯૦માં નવાજવામા આવ્યા હતા. શિક્ષણ માટેના વ્યક્તિગત સંઘર્ષથી માંડીને દલિતોના ઉત્થાન અને સ્વતંત્ર ભારતના બંધારણના ઘડતર સુધીની ડૉ. બાબાસાહેબ આંબેડકરની યાત્રા ખૂબ કઠિન હતી.

# પાલનપુરના જગાણા નજીક ઓવરટેક કરવા જતા કાર હાઈવેથી નીચે ૧૦૦ ફૂટ ફંગોળાઈ

**નડીયાદ થી માઉન્ટ આબુ ફરવા જતા પરિવારને અકસ્માત નડ્યો, પિતા અને બે સંતાનોનો બચાવ**

પાલનપુર તા.૭

પાલનપુર અમદાવાદ હાઈવે ઉપર જગાણા નજીક ગુરુવારે રાત્રે ઓવરટેક કરવા જતા એક કાર હાઈવે થી ઉતરી ૧૦૦ ફૂટ નીચે ફંગોળાઈ હતી. અકસ્માતમાં નડિયાદના પરિવારના ચારે સભ્યોએ સીટ બેલ્ટ બાંધ્યો હોઈ તેમજ એર બેગ ખુલી જતા આબાદ બચાવ થયો હતો. માત્ર એક મહિલાને ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પાલનપુર અમદાવાદ હાઈવે ઉપર જગાણા નજીક ગુરુવારે રાત્રે ઓવરટેક કરવા જતા એક કાર હાઈવેથી નીચે ઉતરી ૧૦૦ ફૂટ ફંગોળાઈ હતી. અકસ્માતમાં નડિયાદના આઈસાબેન મહંમદસાજીદ શેખ (ઉ.વ.૪૧) ઈજાઓ થવા પામી હતી. જેમને પાલનપુર ૧૦૮ ના પાયલટ કિરણભાઈ પરમાર અને ઈએમટી પ્રકાશભાઈ તલાટીએ સારવાર અર્થે ખસેડ્યા હતા. જ્યારે તેમના પતિ અને બે સંતાનોને સામાન્ય ઈજા થઈ હતી.

ચારેય જણાએ સીટ બેલ્ટ બાંધ્યો હોઈ આબાદ બચાવ : નડિયાદ રહેતા આઈસાબેન તેમના પતિ અને એક દીકરી-દિકરા સાથે માઉન્ટ આબુ ફરવા જતા હતા. ત્યારે જગાણા નજીક ઓવરટેક કરવા જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પાછળ બેઠેલા સહિત તમામે સીટ બેલ્ટ બાંધ્યો હોવાથી તેમજ કારની એર બેગ પણ ખુલી જતા તેમનો આબાદ બચાવ થયો હતો.

# પાલનપુરના હરિપુરામાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ મળી આવ્યો

**પોલીસે ૨૫૨૦૦ની કિંમતનો ૨૪૦ બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો**

પાલનપુર તા.૭

પાલનપુરમાં ચૂંટણીના એક દિવસ પૂર્વે હરિપુરા વિસ્તારના એક રહેણાંક મકાન માંથી શહેર પૂર્વ પોલીસની ટીમે રૂ.૨૫૨૦૦ નીં કિંમયનો ૨૪૦ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો અને દારૂનો સંગ્રહ કરનાર ઈસમ હાજર મળી ન આવતા તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પાલનપુરમાં શહેર પૂર્વ પોલીસ ની ટીમ વિધાનસભાની ચૂંટણીને લઈ પેટ્રોલિંગ હતી દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે શહેરના હરિપુરા વિસ્તારમાં પૂનમ રાયમલ ઉર્ફે રાયભણભાઈ પટણી નામના ઈસમના રહેણાંક મકાનમાં ઓચિંતી રેઈડ કરતા મકાન માં સંતાડેલ રૂ.૨૫૨૦૦ ની કિંમત નો ૨૪૦ બોટલ વિદેશી દારૂ મળી આવતા આ દારૂ નો જથ્થો કબ્જે કરી દારૂ સંગ્રહ કરનાર પૂનમ પટણી હાજર મળી ન આવતા તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

**લોટરીની પ્રોસેસ ન કરી સાઇબર ક્રાઇમમાં જાઓ...**

# પાલનપુર પંથકના એક ગામમાં રૂપિયા ૨૫ લાખની લોટરીની લાલચ આપી છેતરપીંડીનો પ્રયાસ

**વોટ્સએપમાં અજાણ્યા નંબરથી વોઇસ રેકોર્ડિંગ સાથે કઇ રીતે પ્રોસેસ કરવી તે સમજાવ્યું**

પાલનપુર તા. ૭

પાલનપુરના વાસણ (ધા) ગામના એક મહિલાએ તાજેતરમાં નવો મોબાઈલ નંબર લીધો છે. હજુ તો આ નંબર ચાલુ કરાવ્યો ત્યાં તેમના વોટ્સએપ નંબર ઉપર અજાણ્યા શખ્સે લોટરીની ટિકીટ સાથે વોઇસ રેકોર્ડિંગ મોકલી તમને રૂપિયા ૨૫ લાખની લોટરી લાગી છે. મુંબઈ એસબીઆઈમાંથી મેળવી લેવા માટે પ્રોસેસ કરવાનો મેસેજ કર્યો હતો.

બનાસકાંઠા જીલ્લામાં ઓન લાઇન ખરીદી, ઓન લાઇન જોબ, ઓન લાઇન વીમા સહિતના માધ્યમથી છેતરપીંડીના કિસ્સા સામે આવી રહ્યા છે. જેમાં હવે લોટરીની લાલચ આપી છેતરપીંડી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જ્યાં વાસણ (ધા)ના એક મહિલાએ નવો મોબાઈલ ફોન ચાલુ કરાવ્યો કે તરત જ વોટસએપમાં અજાણ્યા શખ્સે વોઇસ મેજેસ કર્યો હતો. જેમાં જણાવ્યું હતુ કે, તમારા નંબર ઉપર રૂપિયા ૨૫ લાખની લોટરી લાગી છે. જેમાં આપેલા નંબર ઉપર મુંબઈ એસબીઆઈમાં માત્ર વોટસએપ કોલ કરીને તમારી વિગતો આપી લોટરીના નાણાં મેળવી લેવા જણાવવામાં આવેછે. જોકે, બનાસકાંઠા સાઇબર ક્રાઇમના સૂત્રોએ જણાવ્યું હતુ કે, આ છેતરપીંડીનો પ્રયાસ છે. કોઇએ આવી પ્રોસેસ કરવી જોઇએ નહી. જો છેતરપીંડી થઇ હોય તો તાત્કાલિક સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવવી જોઇએ.